# નગર રચના અધિકારીની કચેરી,

## નગર રચના યોજના, 'સુડા એકમ-૨'

' સુડા ભવન ' ૪થા માળે, બહુમાળી બિલ્ડીંગ પાછળ
નાનપુરા, સુરત.

નં.ટીપીએસ નં-..-૩ રૂંઢ/સુડા/ પ્રારંભિક/ ૬૫ તારીખ: ૩/ ૨/ ૨૦૦૫

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય,
ગાંધીનગર.

વિષય: નગર રચના યોજના નં.-૩ રૂંઢ(સુડા) સુરત પ્રારંભિક યોજનાસરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા બાબત...

મહાશય,

જયભારત સહ ઉપરોકત વિષયના સંદર્ભે સવિનય જણાવવાનું કે ગુજરાત નગર યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૧ ની જોગવાઈ અનુસાર નગર રચના યોજના નં.-૩ રૂંઢ (સુડા) સુરત ને પ્રારંભિક યોજના અને આખરી યોજનામાં વિભાજિત કરી, ઉકત કાયદાની પેટા કલમ-(૧) અનુસાર લેવા પડતા નિર્ણયો લઈ નગર રચના અધિકારીએ તા:૨૭/૧૨/ ૨૦૦૪ ના રોજ નિર્ણયો જાહેર કર્યા છે. અને કાયદાની કલમ-૬૪ની,જોગવાઈ હેઠળ,સરકારશ્રીની મંજુરી અર્થે પ્રારંભિક યોજના આ સાથે સાદર કરું છું.

નગર રચના યોજના ન .-૩ રૂંઢ (સુડા) સુરતની મુસદદારૂપ નગર રચના યોજના ને સરકારશ્રીમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ના તા: ૧૨/૦૭/૧૯૯૫ ના જાહેરનામાં ક્રમાંક: જીએચ/બી/૯૭ ઓફ ૧૯૯૪ /ટીપીએસ/૧૪૯૩/૫૭૯/એલ, થી મંજુર કરવામાં આવેલ છે. અને સરકારશ્રીના એજ વિભાગના તા:૦૫/૦૮/ ૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક:જીએચવી/૧૯૯૫ નો ૧૦૮/ટીપીવી/૧૦૯૫/૧૬૬૧/વ થી નગર રચના અધિકારી, નગર રચના યોજના સુડા એકમ-૨ તરીકે શ્રી.એમ.એચ.સૈયદની નિમણૂંક થયેલ છે. જે અંગે ની પ્રસિધ્ધિ સરકારશ્રીના રાજયપ્રત્ર ગેઝેટના ભાગ ૪-બ,તા:૦૫/૦૮/૧૯૯૫ પાના નં ૧૨૭/૧ પર થયેલ છે.નગર રચના અધિકારીએ તા:૨૮/૦૯/૧૯૯૫ ના રોજ યોજનાની કામગીરી માટે વિધિવત પોતાની ફરજો સંભાળેલ. ત્યારબાદ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ના તા:.૨૧/ ૨/ ૨૦૦૩ ની અધિસુચના ક્રમાંક:ટીપીવી/ ૧૦૯૮/ ૧૫૩૪ વ થી નગર રચના અધિકારી, નગર રચના યોજના, સુડા એકમ-૨, સુરતની નિમણૂંક થયેલ. હું શ્રી એમ. સી. ડાભી. નગર રચના અધિકારી, નગર રચના યોજના,સુડા-યુનીટ-.૨ ,સુરત તરીકે ફરજો સંભાળેલ છે.

ગુજરાત નગર યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ માં જણાવ્યા મુજબ સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ મુસદદારૂપ નગર રચના યોજના નં.૩ રૂંઢ (સુડા) સુરત,માં સુચવેલ દરખાસ્તો ઉપર જમીન માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યકિતઓ તથા અસર કરતા ઈસમો/ વ્યકિતઓને નિયત નોટીસો બજાવી,તેઓ તરફથી વાંધા-સુચનો મંગાવ્યા બાદ તેમની રજૂઆતો ધ્યાને રાખી,તેમજ યોજનામાં સુચવેલ દરખાસ્તો પરત્વે પ્રારંભિક યોજના જાહેર કરતા પહેલા એપ્રોપ્રીએટ ઓથોરીટી,સુરત શહેરી વિકાસ સત્તા મંડળ સાથે પરામર્શ કરી,નગર રચના અધિકારી ધ્વારા ઉકત અધિનિયમ ની જોગવાઈ મુજબ પ્રારંભિક યોજનાને આખરી કરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

ઉકત કાયદાની કલમ-૫૨(૧) હેઠળ લેવા પડતા તમામ નિર્ણયો લઈ નગર રચના અધિકારીશ્રી એ યોજનાનો એવોર્ડ તા:૨૭/૧૨/ ૨૦૦૪ ના રોજ જાહેર કરેલ છે.અને તે અંગે ની પ્રસિધ્ધિ સ્થાનિક દૈનિક સમાચારપત્ર ''ગુજરાત સમાચાર'' માં તા:૩૧/૧૨/૨૦૦૪ ના પાના નં ૧૧ અને''સંદેશ'' માં તા:૩૦/૧૨/૨૦૦૪ ના પાના નં ૧૫ મા થયેલ છે.

નગર રચના યોજના નં.૩ રૂંઢ (સુડા)માં સમાવિષ્ટ મુળખંડ તથા અંતિમખંડની દરખાસ્તો ઉપર નગર રચના અધિકારી ધ્વારા લેવામાં આવેલ નિર્ણયો અંગેની ગુજરાત નગર યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ ના દર્શાવ્યા મુજબના ફોર્મ-જે મુજબ જમીન માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યકિતઓને જાણ કરવામાં આવી રહેલ છે. અને તે મુજબની નગર રચના યોજના નં.૩ રૂંઢ (સુડા) સુરતની પ્રારંભિક યોજનાને સરકારશ્રીની મંજુરી અર્થે,આ સાથે સાદર કરેલ છે.અને તે અંગે આગળ ની ઘટિત કાર્યવાહી કરવા વિનંતી છે.જેથી સદરહુ યોજનાની દરખાસ્તો બાબતે સમુચિત સત્તા મંડળો ધ્વારા અમલીકરણની કાર્યવાહી હાથ ધરી શકાય.જે વિદિત થવા વિનંતી છે.

બિડાણ:

(૧) યોજનાના સાહિત્યની એક નકલ.
(નકશાઓ સહ)

(૨) નગર રચના અધિકારીના
પ્રોસીડીગ્સ/નિર્ણયોની એક નકલ.

આપનો વિશ્વાસુ

નગર રચના અધિકારી
નગર રચના યોજના નં-૩ રૂંઢ
સુડા એકમ-૨, સુરત.

નકલ સવિનય રવાના:

(૧) મુખ્ય નગર નિયોજકશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર તરફે જાણ સારૂં તથા જરૂરી કાર્યવાહી સારૂ.(યોજનાના સાહિત્યની ત્રણ તથા પ્રોસીડીગ્સ/નિર્ણયોની એક નકલ સહ.)

(૨) પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત પ્રાદેશિક કચેરી,વડોદરા તરફે જાણ સારૂં.

(૩) મુખ્ય કારોબારી અધિકારીશ્રી,શહેરી વિકાસ સત્તામંડળ,સુરત તરફે જાણ સારૂં.